# દિવ્યક્રાંતિ

DATE 15-10-2025 to 18-05-2025 ▸ Owner-Editor & Publisher: Jaydev K. Budhbhatti ✆+91-9723162036 RNI Reg No. GujGuj/2013/56930

Contact for Ad. 97231 62036





# દિવાળીના તહેવારે સ્વદેશી સંકલ્પરૂપી દીપક પ્રગટાવીએ

(તંત્રી લેખ: જુવો પાનું ૦૨)















FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE










નોંધઃ આ ઈ-પેપરમાં કોઈપણ વ્યકકિતના મોબાઈલ નંબર ઉપર કલિક કરવાથી સીધો જ ફોન કરી શકશો.

# દિવાળીના તહેવારે સ્વદેશી સંકલ્પરૂપી દીપક પ્રગટાવીએ

## સ્થાનિક બજારમાંથી ખરીદી કરી સ્થાનિક અર્થતંત્રને મજબૂત બનાવીએ



દિવાળીના તહેવારોની ચહલપહલ શરૂ થઈ ગઈ છે. બજારો ઝગમગી રહ્યા છે, ખરીદીનો માહોલ ગરમાયો છે અને દરેક ઘર ખુશીથી ઝળહળતું થઈ રહ્યું છે. આવી ઘડીએ એક મહત્વપૂર્ણ વિચાર દરેક ભારતીયના મનમાં ફરી પ્રગટાવવો જરૂરી છે — "સ્વદેશી અપનાવો, દેશને સમૃદ્ધ બનાવો."મોરબી જિલ્લાના વેપારી મિત્રો અને સમાજના જાગૃત નાગરિકો સૌને એક ઉષ્માભર્યો અનુરોધ કરી રહ્યા છે — આ દિવાળીએ સ્વદેશી વસ્તુઓની ખરીદી અને ઉપયોગ કરી સ્થાનિક ઉધોગકારોને પ્રોત્સાહિત કરીએ.આ માત્ર વેપારનો મુદ્દો નથી, પરંતુ રાષ્ટ્રપ્રેમ અને આત્મનિર્ભરતાનો સંકલ્પ છે.દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ વારંવાર અનુરોધ કર્યો છે કે ભારતનો વિકાસ ત્યારે જ શક્ય છે જ્યારે દરેક નાગરિક સ્વદેશી ઉત્પાદનોને પ્રાથમિકતા આપશે. "મેક ઇન ઈન્ડિયા" અને "વોકલ ફોર લોકલ" જેવી યોજનાઓનું સાચું ફળ ત્યારે જ મળશે જ્યારે આપણા તહેવારોમાં, આપણી ઉજવણીમાં અને આપણી રોજિંદી જરૂરિયાતોમાં પણ સ્વદેશી વસ્તુઓને સ્થાન મળશે.આજના સમયનો સૌથી મોટો પડકાર છે — ઓનલાઇન શોપિંગની હરીફાઈ. વિદેશી કંપનીઓના લોભામણાં ડિસ્કાઉન્ટ વચ્ચે સ્થાનિક



જયદેવ બુધ્ધભટ્ટી : તંત્રી

વેપારીઓને ટકી રહેવું મુશ્કેલ બનતું જાય છે. પરંતુ જો આપણે એક નાગરિક તરીકે નાનું પગલું લઈએ — "ઓનલાઇન નહીં, આપણાં શહેરના બજારમાંથી ખરીદી કરીશું" — તો તે નાનું પગલું પણ મોરબીના હજારો પરિવારો માટે ખુશીના દીવા પ્રગટાવશે.મોરબી એ ઉધોગપ્રેમી શહેર છે — અહીંના કારીગરો, ઉત્પાદકો અને નાના વેપારીઓએ વર્ષો સુધી પરિશ્રમ કરીને આ શહેરને ગુજરાતનો ગૌરવ બનાવ્યું છે. આજ તે લોકો આપણાં સહકારની રાહ જોઈ રહ્યા છે.આથી, આ દિવાળીએ — સ્થાનિક બજારમાંથી ખરીદી કરી સ્થાનિક અર્થતંત્રને મજબૂત બનાવીએ.આપણી દરેક સ્વદેશી ખરીદી ભારતના વિકાસમાં એક ઈંટ ઉમેરે છે.ચાલો, આ દિવાળી આપણે સૌ માટે માત્ર ઉજવણીનો નહીં પરંતુ આત્મનિર્ભર ભારતના સંકલ્પનો તહેવાર બની રહે.ઓનલાઇન ક્લિકને બદલે મોરબીના બજારમાં એક સ્મિત આપો, સ્વદેશી દીવો પ્રગટાવો અને દેશની સમૃદ્ધિ માટે એક નાનો પરંતુ અસરકારક પ્રયત્ન કરો.આપ સૌને દિવાળીની હાર્દિક શુભેચ્છાઓ : (તંત્રીઃ દિવ્યક્રાંતિ)




# કાળી ચૌદશે પાણી-અનાજનો બગાડ અટકાવવા જાથાએ રાજય સરકારને પત્ર પાઠવ્યો

## કાળી ચૌદશની અંધમાન્યતા સામે તા. ૧૫ મી ઓકટોબરથી રાજયવ્યાપી જાગૃતિ પત્રિકારનું વિતરણ થશે

ભારતમાં સદીઓથી કાળી ચૌદશની ગેરમાન્યતા, પરંપરાઓ, કુરિવાજો, માન્યતાઓ, ક્રિયાકાંડો પ્રદેશના રીતરિવાજ મુજબ જોવા મળે છે. કકડાટને દૂર કરવા ચાર ચોકમાં કુંડાળા કરી તેમાં ભજીયા-વડા મુકવાથી વાસ્તવમાં કકડાટ દૂર થયો છે કે નહિ તેનું મંથન કરવાનો સમય પાકી ગયો છે. ભાવિ પેઢીને વારસામાં આપણે શું આપવા માંગીએ છીએ. માનવીનું ૨૧ મી સદીને અનુરૂપ વર્તન હોવું જોઈએ. ચાર ચોકમાં ખાધ અનાજ, પાણીનો બગાડ અટકાવવો સૌ કોઈની નૈતિક ફરજ છે. ગરીબી રેખામાં જીવતા લોકોને બે ટંક ખાવાનું મળતું નથી. દેશમાં ભૂખમરો જોવા મળે છે ત્યારે કાળી ચૌદશે ચાર ચોકમાં કુંડાળા કરી ખાધ અનાજ-પાણીના બગાડ અટકાવવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજયવ્યાપી લોકોને અપીલ કરવામાં આવે છે. પ્રતિ વર્ષની જેમ સરકારની મંજુરી લઈ નિયમોનું પાલન કરી સ્મશાનમાં આયોજન કરવામાં આવે છે.જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે આગામી તા. ૧૯ મી ઓક્ટોબર રવિવારે કાળી ચૌદશની ગેરમાન્યતા-કુરિવાજો સામે જાગૃતિ લાવવા દેશવ્યાપી આયોજન કરવામાં આવ્યું છે. રાજય સરકારના મુખ્યમંત્રીશ્રી સહિત ઉચ્ચ અધિકારીઓને પત્ર પાઠવી મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, ગ્રામ પંચાયતો, કાળી ચૌદશના દિવસે અનાજ-પાણીનો બગાડ અટકાવવા ઠોસ કદમ ઉઠાવે અને ચાર ચોકમાં પડેલો ખાધ અનાજ-પદાર્થ એકઠો કરવા સંબંધી



વ્યવસ્થા કરી ભુખ્યા જરૂરીયાતમંદ માનવી પશુના પેટમાં અનાજ જાય તેવી ગોઠવણ કરવા પત્ર પાઠવવામાં આવ્યો છે. રાજયના તમામ જિલ્લાના કલેકટરો, જિલ્લા વિકાસ અધિકારીઓને પણ પત્ર પાઠવી પરિપત્ર કરવા સંબંધી રજૂઆત કરવામાં આવી છે. સદીઓથી કુરિવાજનું વળગણ દુઃખદ છે. જાથાને પ્રચાર માધ્યમો ભરપૂર ટેકો આપે છે ત્યારે લોકોએ જાગૃતતાના દર્શનની અપેક્ષા છે. રાજયમાં જાથા એક હજાર બસ્સો નાના-મોટા નગરોમાં કાળી ચૌદશની ગેરપરંપરા સામે જાગૃતિના અવનવા કાર્યક્રમો યોજવાના છે. ચાર ચોકમાં કુંડાળા કરવાના રિવાજને કાયમી તિલાંજલિ, અનાજ-પાણીનો બગાડ અટકાવવો, ભૂત-પ્રેતની બોગસ વાર્તાઓને જમીનદોસ્ત કરી દફનાવવું અને કુરિવાજોને કાયમી દેશનિકાલ કરવા ભગીરથ અભિયાન આદર્યું છે તેમાં જાગૃતોનો સહયોગ જાથા ઈચ્છે છે. કાળીચૌદશની ઉજવણી વિવેકપૂર્ણ યોજી સ્થાનિક તંત્રની મંજુરી મેળવી કાર્યક્રમ યોજવા જાથાએ અપીલ કરી છે. જાથાના પંડયા જણાવે છે કે તા. ૧૫ મી ઓકટોબરે કાળી ચૌદશની ગેરમાન્યતા સામે જાગૃતિ પત્રિકાનું વિતરણ જિલ્લા મથકોએ કરવામાં આવશે. મહિકા ગામે ઘરે ઘરે પત્રિકાનું વિતરણ કરવામાં આવશે.આગામી તા. ૧૯ મી ઓકટોબરે પોતાના ગામના સ્મશાનમાં કાર્યક્રમો યોજવા ઈચ્છુકોએ જાથા મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# મોરબી જિલ્લા ભાજપ દ્વારા આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન અંતર્ગત ભાજપની કાર્યશાળા યોજાઇ

સમગ્ર દેશની અંદર હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી અભિયાન અંતર્ગત લોકોને ભારતમાં આત્મનિર્ભર બનાવવા માટે થઈને અભિયાન શરૂ કરવામાં આવ્યું છે જેના ભાગરૂપે આજે મોરબીમાં પ્રદેશ ભાજપના આગેવાન પંકજભાઈ શાહની હાજરીમાં ભાજપની કાર્યશાળા યોજાઇ હતી અને આગામી સમયમાં સમગ્ર ગુજરાતની અંદર વધુમાં વધુ સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ લોકો દ્વારા કરવામાં આવે તેના માટે ઘર ઘર સુધી તે વાત પહોંચાડવા માટે જરૂરી માર્ગદર્શન આગેવાનો દ્વારા આપવામાં આવ્યું હતું મોરબી શહેરના રવાપર રોડ ઉપર આવેલ નીલકંઠ વિધાલય ખાતે આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન અંતર્ગત મોરબી જિલ્લા ભાજપ દ્વારા કાર્યશાળાનું આયોજન કરવામાં



આવ્યું હતું જેમાં મુખ્ય વક્તા તરીકે કચ્છ જિલ્લાના માજી ધારાસભ્ય અને પ્રદેશના આગેવાન પંકજભાઈ શાહ હાજર રહ્યા હતા તે ઉપરાંત રાજ્યસભાના સાંસદ કેસરીદેવસિંહ ઝાલા, હળવદના ધારાસભ્ય પ્રકાશભાઈ વરમોરા, ટંકારાના ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા, મોરબી જિલ્લા ભાજપના પ્રમુખ જયંતીભાઈ રાજકોટિયા, મોરબી જિલ્લા પંચાયતના પ્રમુખ હંસાબેન પારેઘી, મોરબી જિલ્લા ભાજપના મહામંત્રી નરેન્દ્રસિંહ ઝાલા, મોરબી જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ નિર્મલભાઈ જારીયા, મોરબી જિલ્લા અનુ.જાતિ. મોરચાના પ્રમુખ બાબુભાઈ પરમાર, મોરબી જિલ્લા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ ભાવનાબેન કૈલા, મોરબી શહેર ભાજપના પ્રમુખ રિશીપભાઈ કૈલા, શહેર ભાજપના મહામંત્રી ભાવેશભાઈ કંઝારીયા અને ભુપતભાઈ જારીયા સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

# Google ભારતમાં બનાવશે પ્રથમ AI હબ, ૧૫ અબજ ડોલરનું કરશે રોકાણ; સુંદર પિચાઈએ કરી જાહેરાત

ગુગલના સીઈઓ સુંદર પિચાઈએ આજે(૧૪ ઓક્ટોબર) એક મોટી જાહેરાત કરી છે. જેમાં ભારતમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) હબની સ્થાપનાની જાહેરાત કરવામાં આવી. કંપની આ પહેલ માટે ૧૫ બિલિયન ડોલરનું રોકાણ કરશે. પિચાઈએ જણાવ્યું કે તેમણે આ બાબતે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાત કરી છે. આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં એક મોટું ડેટા સેન્ટર અને AI હબ ચોક્કસ યોજના સાથે બનાવવામાં આવશે.સુંદર પિચાઈએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ગુગલ પર આ અંગે એક પોસ્ટ પણ શેર કરી. તેમણે લખ્યું, "ભારતીય વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાત કરવાનો એક અદ્ભુત અનુભવ રહ્યો. અમે વિશાખાપટ્ટનમમાં ગુગલના પ્રથમ AI હબ બનાવવાની યોજના શેર કરી. આ એક ઐતિહાસિક પગલું હશે. આ હબમાં ગીગાવોટ-સ્કેલ કમ્પ્યુટિંગ ક્ષમતા, એક નવો આંતરરાષ્ટ્રીય સબસી ગેટવે અને મોટા પાયે ઉર્જા માળખાગત સુવિધાનો સમાવેશ થશે."ગુગલ ભારતમાં




₹૧,૩૩૧.૮૫ બિલિયનનું રોકાણ કરશે

ગુગલ ભારતમાં ૧૫ બિલિયન ડોલરનું રોકાણ કરવાની યોજના બનાવી રહ્યું છે. આ દેશ માટે એક જેકપોટથી ઓછું કંઈ નથી. તેનાથી ભારતને ઘણો ફાયદો થશે. જો આ ૧૫ બિલિયન ડોલરને ભારતીય ચલણમાં અનુવાદિત કરવામાં આવે તો તે ₹૧,૩૩૧.૮૫ બિલિયન થશે.ગુગલ ક્લાઉડના સીઈઓએ એઆઈ હબ વિશે શું કહ્યું?

પીટીઆઈના અહેવાલ મુજબ, ગુગલના એક કાર્યક્રમમાં, ગુગલ ક્લાઉડના સીઈઓ થોમસ કુરિયને કહ્યું કે આ નવું એઆઈ હબ એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, નવી ડેટા સેન્ટર ક્ષમતા, મોટા પાવર સ્ત્રોતો અને વિસ્તૃત ઓપ્ટિકલ ફાઈબર નેટવર્કને એકીકૃત કરશે. કુરિયને કહ્યું, "અમે વિશાખાપટ્ટનમમાં એઆઈ સેન્ટર સ્થાપિત કરવા માટે આગામી પાંચ વર્ષમાં ૧૫ બિલિયન યુએસ ડોલરનું રોકાણ કરવાની યોજના બનાવી રહ્યા છીએ."

આ ગુગલનું પહેલું AI હબ હશે. તે ભારતીય A I એન્જિનિયરો માટે પણ તકો પૂરી પાડશે. કાર્યક્રમ દરમિયાન, થોમસ કુરિયને જણાવ્યું કે ગુગલ છેલ્લા ૨૧ વર્ષથી ભારતમાં કામ કરી રહ્યું છે અને ૧૪,000 થી વધુ ભારતીયો તેની સાથે સંકળાયેલા છે.

# મોરબી સદાવ્રતમાં સાધ્વીજી નમ્રદર્શિતાશ્રીજી મ.સા. ની ૧૦૬મી આયંબિલની ઓળીની પૂર્ણાહુતી પ્રસંગે મહાપ્રસાદ યોજાયો

મોરબીમાં વિવિધ પ્રકારની માનવસેવા કરતા મોરબીના જલારામ ધામ ખાતે સદાવ્રત દ્વારા લોકોની જઠરાગ્નિ તૃપ્ત કરવાનો સેવાયજ્ઞ ચલાવવામાં આવે છે.ત્યારે સાધ્વીજી નમ્રદર્શિતાશ્રીજી મ.સા. ની 106 મી આયંબિલની ઓળીની પૂર્ણાહુતિ પ્રસંગે મોરબીના માતુશ્રી જશવંતીબેન પ્રતાપરાય મહેતા પરિવાર દ્વારા સદાવ્રતમાં મહાપ્રસાદ યોજાયો હતો. આ પ્રસંગે જતીનભાઈ મહેતા, જયેશભાઈ ટોળીયા, જતીનભાઈ શેઠ, ચેતનભાઈ શેઠ, હેતભાઈ શેઠ સહીતના જૈન સમાજના અગ્રણીઓએ ઉપસ્થિત રહી પોતાના હસ્તે મહાપ્રસાદ પિરસી લોકોની જઠરાગ્નિ તૃપ્ત કરી હતી.



મોરબીના મહેતા પરિવારના આ પ્રેરણાદાયી કાર્ય બદલ મોરબી જલારામ ધામના ગીરીશભાઈ ઘેલાણી, હરીશભાઈ રાજા, પ્રતાપભાઈ ચગ, ભાવીનભાઈ ઘેલાણી, ચિરાગભાઈ રાચ્છ, નિર્મિતભાઈ કક્કડ, કીશોરભાઈ ચંડીભમર, નિરવભાઈ હાલાણી, પારસભાઈ ચગ, અનિલભાઈ સોમૈયા, જયંતભાઈ રાઘુરા, સંજયભાઈ હીરાણી, અનિલભાઈ ગોવાણી, સુનિલભાઈ પુજારા, પપ્પુભાઈ ચંડીભમર, અમિતભાઈ પોપટ, હીતેશભાઈ જાની, વિપુલભાઈ પંડીત સહીતના અગ્રણીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

# શિયાળાનાં આગમનનાં એંધાણ : નલિયામાં ૧૮ અને રાજકોટમાં ૧૯ ડિગ્રી

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં છેલ્લા બે ત્રણ દિવસથી સવારના ભાગે શિયાળાનું આગમન થતુ હોય તે પ્રકારનું વાતાવરણ સર્જાય છે અને ઠંડકનો અનુભવ થઈ રહ્યો છે જો કે બપોરે 32થી 35 ડિગ્રી સુધી મહતમ તાપમાન થઈ જતા ગરમી અનુભવાય છે.

દરમ્યાન આજરોજ રાજયમાં 6 સ્થળોએ 20 ડિગ્રી આસપાસ લઘુતમ તાપમાન નોંધાયુ હતું જયારે નલિયામાં 18 ડિગ્રી અને રાજકોટ શહેરમાં 19.7 ડિગ્રી સાથે ઠંડકનો અહેસાસ થવા પામ્યો હતો. સવારના ભાગે પવનની ઝડપ પણ 8થી 10 કી.મી. સુધી રહેતા ઠંડી અનુભવાઈ હતી.

જયારે જામનગરમાં પણ ધીરે ધીરે શિયાળાની છાંટ વર્તાઇ રહી છે. વહેલી સવારે ઠંડક અને બપોરના ગરમી જેવું વાતાવરણ જોવા મળ્યું છે. મિશ્ર ઋતુ શરૂ થઈ છે અને શિયાળાનું ધીરે-ધીરે આગમન શરૂ થઈ ચૂક્યું છે.

ત્યારે હવામાન ખાતાએ પણ ચોમાસુ રાજયભરમાંથી વિદાય લેશે તેવી જાહેરાત કરી છે ત્યારે જામનગર શહેરમાં પણ શિયાળો ધીમે ધીમે દસ્તક રહ્યો છે તો બીજી તરફ જામનગર શહેરમાં લઘુતમ તાપમાનનો પારો 1.5 રહયો છે.

જામનગર શહેરમાં લઘુતમ તાપમાનમાં 1 ડિગ્રીનાં વધારા સાથે 21.5 ડિગ્રી અને મહતમ તાપમાનમાં આંશિક વધારા સાથે 33 ડિગ્રી નોંધાયું છે.તો શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણમા નોંધાયું હતું.અને પવનની ગતિ પ્રતિકલાક 3..6 કિમિ નોંધાઇ.

# દિવાળી પહેલા ગુજરાત સરકારમાં પાવર શફલ નવા ચહેરા, નવી એનર્જી અને નવી નીતિ પર હશે ફોકસ!

## મોદી-શાહ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નેતાઓ વચ્ચે પાંચ કલાકથી વધુ ચર્ચા – નવી ટીમની મંજૂરી મળી ગઈ?

ગુજરાતની રાજકીય હવામાં દિવાળી પહેલા જ ગરમી આવી ગઈ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં આગામી દિવસોમાં મંત્રીમંડળના વિસ્તરણ અને ફેરફારની જાહેરાત થવાની ચર્ચાએ રાજધાનીને રાજકીય રીતે સક્રિય બનાવી દીધી છે. દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નવા પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને વરિષ્ઠ નેતાઓ વચ્ચે સોમવારે રાત્રે પાંચ કલાકથી વધુ સમય સુધી મેરેથોન બેઠક યોજાઈ હતી. આ બેઠક પછી રાજકીય વર્તુળોમાં સ્પષ્ટ થયું છે કે, હવે ગણતરીના દિવસોમાં નવી ટીમ જાહેર થશે.

નવા ચહેરાઓને મળી શકે છે સ્થાન

ભાજપના ઉચ્ચ કમાન્ડે નવી ટીમ માટેના ફાઈનલ લિસ્ટ પર મંજૂરી આપી દીધાની શક્યતાઓ પ્રબળ છે. વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા મુજબ, કેબિનેટના કુલ 20થી 23 સભ્યો હશે. હાલના મંત્રીઓમાંથી માત્ર પાંચ જેટલા જ મંત્રીઓ પોતાના પદ પર યથાવત રહેશે, જ્યારે કેટલાકને નવી ફાળવણી સાથે સાચવવામાં આવશે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે મહત્ત્વનું

મહિલા પ્રતિનિધિત્વ વધારવા માટે બે મહિલા નેતાઓને મંત્રીમંડળમાં સ્થાન અપાવવાનું નક્કી થયું છે. આ સાથે જ યુવા ચહેરાઓને પણ આગળ લાવવામાં આવશે જેથી આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે જનતામાં તાજગીનો સંદેશ મળે. બેથી ત્રણ પૂર્વ કોંગ્રેસ ધારાસભ્યોને પણ કેબિનેટમાં સ્થાન મળવાની પૂરી સંભાવના છે. સંગઠનમાં લાંબા સમયથી સક્રિય એવા નેતાઓને પણ નવી ભૂમિકાઓ આપવામાં આવશે.

શંકર ચૌધરીને મળશે નવી જવાબદારી?

સાથે સાથે વર્તમાન વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીને નવી જવાબદારી મળવાની ચર્ચા છે. કેબિનેટના વિસ્તરણ બાદ જ પાર્ટી સંગઠનના ફેરફારો જાહેર કરાશે.પીએ મોદીની ખાસ સ્પષ્ટતા!



ભાજપના એક આંતરિક સૂત્રના જણાવ્યા મુજબ, વડાપ્રધાન મોદીએ સ્પષ્ટ સૂચના આપી છે કે, નવા મંત્રીઓ લોકસંપર્કમાં ઉતરતા પહેલા દિવાળી પર જનતાને શુભેચ્છા પાઠવે અને નવી ટીમનો આરંભ લોકો સાથે જોડાણથી કરે. આ સૂચન રાજકીય રીતે મહત્વપૂર્ણ માનવામાં આવે છે, કારણ કે કેન્દ્રનું ફોકસ હવે "નવા ચહેરા, નવી એનર્જી અને નવી નીતિ" પર છે.

રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે, ત્રણથી ચાર મંત્રીઓની કામગીરી સંતોષજનક ન હોવાથી તેઓને બહારનો રસ્તો બતાવવામાં આવી શકે છે. કેટલાક વિભાગોમાં કાર્યક્ષમતા અને જાહેર છબીના આધારે ફેરફાર થવાના છે. ભ્રષ્ટાચારના આક્ષેપો કે જનસંપર્કની ખામી ધરાવતા મંત્રીઓનું પદ કપાય તેવી ચર્ચા ગરમ છે.

ફ્રેશ સ્ટાર્ટ વિથ ફેસ્ટિવ મૂડ


સાથે સાથે સંઘના માર્ગદર્શન હેઠળ કેટલીક મહત્વપૂર્ણ પોસ્ટ પર સંતુલિત પ્રતિનિધિત્વ જાળવવા ચર્ચા થઈ છે. પ્રદેશ અને જાતિ આધારિત સમીકરણોને ધ્યાનમાં રાખી આખું લિસ્ટ તૈયાર કરવામાં આવ્યું છે. રાજકીય અંદરખાનાં માને છે કે, દિવાળી પહેલા જ આ જાહેરાત થશે જેથી નવી ટીમ "ફ્રેશ સ્ટાર્ટ વિથ ફેસ્ટિવ મૂડ" સાથે પ્રજામાં જઈ શકે.

"આ ફેરફાર ફક્ત ચહેરા બદલવાનો નથી, પરંતુ એ સત્તાના આગામી પાંચ વર્ષ માટેનો ટોન સેટ કરશે."

રાજકારણના પાવર સર્કલ્સમાં હાલનો સવાલ એક જ છે કે, કયા મંત્રીઓ હટાવાશે, કોને ચાન્સ મળશે અને કોના માટે આ દિવાળી રાજકીય રીતે પ્રકાશ લાવશે કે અંધકાર?

Owner-Editor-Publisher : Jaydev K. Budhbhatti, Publishing from bramin street para-1, at Jodiya, Dist. Jamnagar, Printed at, lokjwala printing press, Brahmin street para, Jodiya, Dist. Jamnagar, Publishing every 15 days, Volume-5, Issue-1145, Year-10 Price Rs. 3.00, M. 097231 62036

# જ્વેલરીની દુનિયા : સૌંદર્ય સાથે સમજદારીભર્યું રોકાણ



### રોકાણ તરીકે સોનાનું મહત્વ

સોનામાં રોકાણ હંમેશા સુરક્ષિત માનવામાં આવે છે. ભલે માર્કેટમાં ઉતાર-ચડાવ ચાલતા રહે, પરંતુ લાંબા ગાળે સોનાની કિંમત હંમેશા વધતી જ રહે છે.

વિશેષ કરીને ભારતમાં, જ્યાં તહેવારો અને લગ્ન જેવા પ્રસંગોમાં ગહેનાનું સ્થાન મહત્વનું હોય છે, ત્યાં સોનાંનું મૂલ્ય ફક્ત ધનાત્મક નથી — તે સાંસ્કૃતિક વારસો પણ છે.

આજકાલ રોકાણકારો ગોલ્ડ બાર, ગોલ્ડ કોઇન્સ, અથવા ડિજિટલ ગોલ્ડમાં પણ રોકાણ કરી રહ્યા છે. પરંતુ સોનાની જ્વેલરી એ એક એવી વસ્તુ છે જેમાં સૌંદર્ય અને રોકાણ બંનેનો સંયમ છે.

તેથી, દિવાળી કે અન્ય શુભ પ્રસંગો પર જ્વેલરી ખરીદવી એ માત્ર પરંપરા જ નહીં, પણ બુદ્ધિપૂર્ણ નિર્ણય પણ છે.

### શુદ્ધતા અને સર્ટિફિકેટનું મહત્વ

જ્યારે પણ દાગીના ખરીદો, ત્યારે તેની શુદ્ધતા અને BIS હોલમાર્ક ચેક કરવી અત્યંત જરૂરી છે.

હાલમાં સરકારે નવી BIS હોલમાર્કિંગ સિસ્ટમ અમલમાં મૂકી છે, જેમાં 6 અંકનો યુનિક કોડ મળે છે. ગ્રાહક તે કોડથી ઑનલાઇન ચેક કરી શકે છે કે દાગીનો ખરેખર શુદ્ધ છે કે નહીં.

હીરા અથવા કિંમતી રત્ન ખરીદતા સમયે તેની સાથે મળતું સર્ટિફિકેટ ઑફ ઓરિજિન અને લેબ રિપોર્ટ પણ જોવો જોઈએ — જેથી તમારું રોકાણ સાચું અને સલામત રહે.

જ્વેલરી કેર અને મેન્ટેનન્સસોનાં અને ચાંદીના ગહનો લાંબા સમય સુધી ચમકતા રહે, તે માટે યોગ્ય કાળજી લેવી જરૂરી છે.સોનાંનાં ગહનોને સુકા કાપડમાં રેપ કરી અલગ રાખો.ચાંદીના ગહનોને ક્યારેક બેકિંગ સોડા અને પાણીથી હળવેથી સાફ કરો.હીરા અથવા રત્ન ધરાવતી જ્વેલરીને કેમિકલ પ્રોડક્ટથી દૂર રાખો.કેટલાક જ્વેલર્સ હવે લાઇફટાઇમ ફ્રી સર્વિસ અથવા પોલિશિંગ સ્કીમ પણ આપે છે — જે ગ્રાહકો માટે વધારાનો લાભ છે.

### પરંપરા સાથે આધુનિકતાનો સંગમ

ભારતીય જ્વેલરી ફક્ત મેટલનો ટુકડો નથી — તે વારસાગત સ્મૃતિ, પ્રેમનું પ્રતિક અને પરિવારની ઓળખ છે. દરેક ગહેનામાં એક કહાણી છુપાયેલી હોય છે — કોઈ દાદીનો હાર, કોઈ માતાની બાલી, તો કોઈ પુત્રીએ પહેલી વાર પહેરેલો પેન્ડન્ટ.

### કસ્ટમાઇઝેશન — હવે તમારી સ્ટાઇલ તમારી પસંદ

આજનો ગ્રાહક ફક્ત તૈયાર ડિઝાઇન ખરીદતો નથી, પરંતુ પોતાની રીતે ગહેના બનાવે છે. જ્વેલરી શોપ્સ હવે "કસ્ટમ ડિઝાઇન સર્વિસ" આપે છે, જેમાં ગ્રાહક પોતાની પસંદગી મુજબ ડિઝાઇન, સાઈઝ, સ્ટોન અને મેટલ સિલેક્ટ કરી શકે છે. આ સુવિધાથી દરેક ગ્રાહકને પોતાનો વ્યક્તિગત સ્ટાઇલ જાળવવાની તક મળે છે. મોરબી સહિત ગુજરાતના ઘણા શહેરોમાં હવે ડિજિટલ મોડેલિંગ અને 3D પ્રિન્ટિંગથી ગહેના તૈયાર કરવામાં આવે છે — એટલે તમે ખરીદતા પહેલાં જ તેનો વર્ચ્યુઅલ પ્રિવ્યૂ જોઈ શકો છો.

આજની નવી પેઢી આ પરંપરાને નવી ડિઝાઇન અને આધુનિક ફિનિશિંગ સાથે આગળ લઈ જઈ રહી છે. આ એક એવી લહેર છે જે ભારતીય જ્વેલરી ઉદ્યોગને વિશ્વભરમાં નવી ઓળખ અપાવી રહી છે.

### દિવાળીના શુભ પ્રસંગે ખાસ ઑફર્સ

મોરબી સહિતના અનેક જ્વેલર્સ દિવાળી દરમિયાન ખાસ સ્કીમ અને ડિસ્કાઉન્ટ ઓફર કરે છે — મેકિંગ ચાર્જમાં છૂટ, જૂના ગહનાના એક્સચેન્જ ઑફર, EMI પર નવી ખરીદી, ફ્રી પોલિશિંગ અથવા સર્વિસ પેકેજ આવી સ્કીમો ગ્રાહકોને નવી ખરીદી માટે પ્રોત્સાહન આપે છે અને એક વિશ્વાસપૂર્ણ સંબંધ પણ બનાવે છે.

### ગહેનામાં સૌંદર્ય નહીં, વારસો ખરીદો

દિવાળી ફક્ત પ્રકાશનો તહેવાર નથી — એ નવા આરંભનો સમય છે.

સોનાં અને ચાંદીની ખરીદી એ સમૃદ્ધિ, સુરક્ષા અને વિશ્વાસનું પ્રતિક છે. પરંતુ એ સાથે જ જો તમે ખરીદેલા ગહેનામાં તમારી સ્ટાઇલ, તમારી ભાવના અને તમારી વારસાગત ઝલક હોય — તો એ ખરીદી ખરેખર અર્થપૂર્ણ રોકાણ બને છે.

આ દિવાળીએ, ફક્ત ગહેના જ નહીં — પણ એવો વારસો ખરીદો જે આવતી પેઢી સુધી ચમકે.



## ગેહેનામાં બદલાતી ટ્રેન્ડ અને નવી ડિઝાઇનની લહેર

પહેલાં જ્યાં ભારે હીરા અને 22 કેરેટના સેટ જ ચાલતા, આજે મિનિમલ લુક, લાઇટવેઇટ ડિઝાઇન અને કસ્ટમાઇઝ્ડ પીસિસ વધુ લોકપ્રિય બન્યા છે. હવે મહિલાઓ રોજિંદા પહેરવા લાયક સ્માર્ટ અને સોફ્ટ ડિઝાઇન પસંદ કરે છે — જેમા સ્ટાઇલ પણ રહે અને વજન પણ ઓછું. રોઝગોલ્ડ, વ્હાઇટ ગોલ્ડ, પ્લેટિનમ અને મલ્ટી મેટલ કોમ્બિનેશન જેવા નવા ટ્રેન્ડ્સ શહેરના જ્વેલર્સમાં ઝડપથી લોકપ્રિય બની રહ્યા છે. સાથે સાથે હેન્ડક્રાફ્ટેડ ડિઝાઇન અને ઇન્ડિયન ટ્રેડિશનલ ટચ ધરાવતી જ્વેલરી પણ તેની અલગ જ ઓળખ બનાવી રહી છે.

# બે દિવસ અમાસ તો ૨૦ કે ૨૧ ઓક્ટોબર, ક્યારે ઉજવાશે દિવાળી?

દિવાળીની તારીખ વિશે કોઈ પણ પ્રકારની શંકા કરવાની જરૂર નથી. ગ્રહોના અદ્ભુત સંયોગમાં આસો વદ અમાસ 20 ઓક્ટોબર, 2025 સોમવારના રોજ મનાવવામાં આવશે.

જ્યોતિષીઓના જણાવ્યા પ્રમાણે અમાવસ્યા તિથિ સોમવારે બપોરે 2:32 વાગ્યે શરૂ થશે. જે 21 ઓક્ટોબર, 2025, મંગળવારના રોજ સાંજે 4:26 વાગ્યા સુધી ચાલશે. તેથી, આ વખતે દિવાળી મહાપર્વનો તહેવાર સોમવાર, 20 ઓક્ટોબર, 2025 ના રોજ ઉજવવામાં આવશે.

### વિધિ-વિધાનપૂર્વક કરો પૂજા

માં લક્ષ્મી તેમજ ભગવાન ગણેશની પૂજા કરવાનો શુભ સમય બપોરે 2:39 થી મધ્યરાત્રિ સુધીનો છે. દરેક રાશિના લોકોએ તેમના ગ્રહોની અનુકૂળતા અને ગોઠવણી અને સુખ-સમૃદ્ધિ અનુસાર ધાર્મિક વિધિઓ કરવી જોઇએ. તેમને વિશેષ લાભ પ્રાપ્ત થશે.

**પૂજા માટે શુભ શુભ મુહૂર્ત:** કુંભ લગ્ન બપોરે 2:09 થી 3:40 સુધી, વૃષભ લગ્ન સાંજે 6:51 થી 8:48 સુધી, સિંહ લગ્ન સવારે 1:19 થી 3:33 સુધી

### ગ્રહોનો વિશેષ સંયોગ

દિવાળીના દિવસે ત્રણ ગ્રહોનો સંયોગ રચાઈ રહ્યો છે. આ દિવસે મંગળ, સૂર્ય અને બુધ દરેક ગ્રહો સાથે મળશે. તેની સંયુક્ત અસર તમામ રાશિના લોકો માટે શુભ પરિણામો લાવનાર માનવામાં આવે છે.

આસો અમાસ પર સ્થિર લગ્નમાં દિવાળી પૂજા કરવાનો મહિમા રહેલો છે. મોટાભાગના લોકો સ્થિર લગ્નમાં મહાલક્ષ્મીની પૂજા કરે છે.

અમાવસ્યાની રાત્રે જે પણ સ્થિર લગ્નમાં મહાલક્ષ્મીની પૂજા કરે છે, તેઓ તેમના ઘરમાં દેવી લક્ષ્મીની સ્થિરતાનો અનુભવ કરશે. ચાર સ્થિર લગ્ન છે: પહેલુ વૃષભ,બીજુ સિંહ, ત્રીજું વૃશ્ચિક અને ચોથુ કુંભ.

સામાન્ય રીતે દિવાળીની રાત્રે વૃષભ લગ્ન હોય છે, જે દરમિયાન દરેક વ્યક્તિ મહાલક્ષ્મીની પૂજા કરે છે. સિંહ લગ્ન સવારે 1:19 થી 3:33 ની વચ્ચે થાય છે.



આ સમય દરમિયાન કાળી રાત હોય છે. જે વિશેષ ફાયદાકારક માનવામાં આવે છે.

### શ્રીયંત્રની સ્થાપના

શ્રીયંત્રની સ્થાવના કેસરયુક્ત ગાયના દૂધથી શ્રીયંત્રનો અભિષેક કરી શ્રીમંત્રનો જાપ ચાલુ રાખો. શ્રીયંત્ર એ દસ મહાવિદ્યાઓમાંની એક દેવી ત્રિપુરસુંદરીનું યંત્ર છે.

દેવી ત્રિપુરસુંદરીને લલિતા દેવી તરીકે પણ ઓળખવામાં આવે છે. તે ઐશ્વર્યની દેવી છે. દિવાળીના દિવસે સ્ફટિક અથવા પારાના શ્રીયંત્રની સ્થાપના અને પૂજાનું વિશેષ મહત્વ રહેલું છે. જે ઘરમાં અથવા સંસ્થામાં શ્રીયંત્ર સ્થાપિત અને નિયમિત રીતે પૂજા કરવામાં આવે છે ત્યાં ક્યારેય પૈસાની અછતનો સામનો કરવો પડતો નથી.

### મહાલક્ષ્મી પૂજા માટે વિધિ

જે લોકો સ્થિર લગ્નમાં પૂજા કરવા માંગે છે તેઓ સિંહ, વૃષભ અથવા કુંભ લગ્ન દરમિયાન પૂજા કરી શકે છે. આ લગ્નો દરમિયાન ઇન્દ્ર, સરસ્વતી, કુબેર, લક્ષ્મી, ગણેશ અને મા કાલીની પૂજા કરવાથી બધા શુભ કાર્યોમાં સફળતા મળે છે.

### દિવાળીના દિવસે કરવામાં આવતી પૂજા વિધિ

દિવાળીના દિવસે મુખ્યત્વે ભગવાન ગણેશ, લક્ષ્મી, ઇન્દ્ર, કુબેર, સરસ્વતી અને મા કાલીની પૂજા કરવામાં આવે છે. સૌથી પહેલા દુકાન કે ઘરમાં બંધનબાર લગાવો. સાંજે, એક સ્વચ્છ બાજોઠ મુકીને તેને ગંગાજળથી શુદ્ધ કરો.

ત્યાર બાદ, ગણેશ અને લક્ષ્મી સાથે કુબેર અને શ્રી યંત્ર સ્થાપિત કરો.

પૂજા સ્થાન પર પાણીથી ભરેલો તાંબા અથવા માટીનો કળશ મૂકો.

કળશ પર કંકુથી સ્વસ્તિક બનાવો અને શ્રી લખો. કળશની આસપાસ એક નાડાછડી બાંધો.

આંબાનાં પાન, સોપારી, સિક્કો, સર્વ ઔષધિ, પંચરત્ન અને સપ્તમાતૃકા ઉમેર્યા બાદ આ કળશ પર એક નારિયેળ મૂકો અને પૂજા કરો.

દેવી લક્ષ્મીને કમળનું ફૂલ ખૂબ ગમે છે, તેથી લોકો કમળના ફૂલને બદલે કમળના બીજનો ઉપયોગ કરવામાં આવે છે.

લક્ષ્મી અને ગણેશની મૂર્તિઓ સામે પાંચ ઘી અથવા તેલના દીવા પ્રગટાવો.

ભગવાન ગણેશ અને દેવી લક્ષ્મીની પૂજા કર્યા પછી, કુબેરની પૂજા કરવી જોઇએ.

તિજોરી, રોકડ પેટી અને ખાતાવહીની પણ પૂજા કરવામાં આવે છે જેથી સમૃદ્ધિ મળે છે.

# બજારોમાં દિવાળી ખરીદીનો માહોલ, ગત વર્ષ કરતાં ૩૦ ટકા વધારે ખરીદીનું અનુમાન





દિવાળી અને તેની સાથે જોડાયેલા તહેવારોનું કાઉન્ટ ડાઉન શરુ થઈ ગયું છે અને છેલ્લા બે દિવસથી શહેરના બજારોમાં દિવાળીની જોરદાર ખરીદી શરુ થઈ છે.જીએસટીના કારણે સેંકડો વસ્તુઓના ભાવ ઘટયા હોવાથી આ વખતે દિવાળીની ખરીદી પણ વધારે થાય તેવો અંદાજ મૂકાઈ રહ્યો છે.

શહેરના રવાપર રોડ , સોની બજાર , પરા બજાર, સનાળા રોડ જેવા મુખ્ય વિસ્તારોમાં સવારથી જ ઘરાકી જોવા મળે છે અને સાંજ પડતા તો પગ મૂકવાની જગ્યા ના મળે તેવી સ્થિતિ સર્જાઈ હતી. વેપારીઓનું કહેવું છે કે આ વખતે ઘરાકી નીકળવાની આશાએ વેપારીઓએ સારો એવો સ્ટોક કર્યો છે.ગત વર્ષ કરતા આ વર્ષે ૩૦ ટકા વધારે ખરીદી થાય તેવો અંદાજ છે. હવે બેસતા વર્ષની પૂર્વ સંધ્યા સુધી એટલે કે તા.૨૧ ઓક્ટોબર સુધી બજારમાં આ જ પ્રકારની ઘરાકી રહેશે.

# બેંકો હવે ઝીરો બેલેન્સ એકાઉન્ટનો ઈન્કાર કરી શકશે નહી : ઈન્ટરનેટ બેંકિંગ સેવા મફત મળશે

કોઈ પણ બેંક હવે ગ્રાહકો માટે ઝીરો બેલેન્સ ખાતું ખોલવાનો ઇનકાર કરી શકે નહીં. આરબીઆઈએ આ અંગે એક ડ્રાફ્ટ બહાર પાડ્યો છે, જેમાં બેંકોમાં બેઝિક સેવિંગ એકાઉન્ટ ધરાવતાં લોકોને ઘણી રાહત આપવામાં આવી છે. ઝીરો એકાઉન્ટ બેલેન્સ ધરાવતાં જન ધન ખાતાધારકો સહિત મૂળભૂત બચત બેંક ડિપોઝિટ ખાતાધારકો ડિજિટલ બેંકિંગની સુવિધા નિ:શુલ્ક મેળવી શકશે. અત્યાર સુધી આ સુવિધા માત્ર રેગ્યુલર બેંક સેવિંગ્સ એકાઉન્ટ પર જ ઉપલબ્ધ છે. નવા નિયમો 31 માર્ચ, 2026 થી અમલમાં આવી શકે છે. રિઝર્વ બેંકે પ્રસ્તાવ મૂક્યો છે કે બેંકોએ ઝીરો બેલેન્સ ખાતાઓ માટે સ્પષ્ટ શરતો, સર્વિસ લિમિટ અને ફી નક્કી કરવી પડશે. આનાથી કોને ફાયદો થશે? :- ઓછી આવક ધરાવતાં અને ગ્રામીણ ગ્રાહકો, જેમનાં માટે મિનિમમ બેલેન્સ જાળવવું મુશ્કેલ છે. નવા બેંક ગ્રાહકો કે જેઓ ડિજિટલ માધ્યમ દ્વારા સરળ બેંકિંગ ઇચ્છે છે. બેંકોને પણ ફાયદો થશે કારણ કે તે ખાતાનાં ડેટાની એકરૂપતા તરફ દોરી જશે અને નિયમનકારી પાલનને સરળ બનાવશે. આ નિયમ શા માટે જરૂરી છે? :-

આરબીઆઈનું માનવું છે કે ગ્રાહકો વિવિધ બેંકોમાં ઝીરો બેલેન્સ ખાતાનાં નિયમોમાં અસમાનતાથી મૂંઝવણમાં છે. કેટલીક બેંકો બિનજરૂરી ચાર્જ વસૂલે છે અને સ્કીમ-આધારિત ખાતાઓ (જેમ કે જન ધન)

# મોરબીમાં જલારામ જયંતિની શોભાયાત્રાની તૈયારી માટે મિટિંગ યોજાઈ



મોરબીમાં શ્રી જલારામ શોભાયાત્રા સમિતિ (2025) દ્વારા જલારામ જયંતીની શોભાયાત્રા સંદર્ભે 14 મી તારીખે મોરબી લોહાણા સમાજની મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. સંત શિરોમણી પૂજ્ય શ્રી જલારામ બાપા ની 226 મી જન્મજયંતિ નિમિતે આગામી તા. 29 ઓક્ટોબરને બુધવાર ના રોજ મોરબીમાં ભવ્યાતિભવ્ય શ્રી જલારામ બાપા ની શોભાયાત્રા તેમજ દિવ્ય મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે.

આ શોભાયાત્રાને લઇને મોરબીના રઘુવંશી પરિવારોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે આ આયોજનને નિખારવા માટે જ્ઞાતિબંધુઓની સાથે ચર્ચા ગોષ્ટીરૂપે મોરબી રઘુવંશી સમાજની મહત્વની મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મિટિંગ તા. 14મી ઓક્ટોબરને મંગળવાર ના રાત્રે 9-30 કલાકે મોરબી ના લોહાણા વિધાર્થી ભવન ખાતે યોજાઈ હતી. આ મિટિંગમાં લોહાણા સમાજની તમામ સંસ્થાઓ, તમામ હોદેદારો, મહિલા સંગઠનો, સમાજ શ્રેષ્ઠિઓ, વેપારી મિત્રો તેમજ કમિટી મેમ્બર્સ બહોળી સંખ્યામાં સમયસર ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાત સરકારે દિવાળી દરમિયાન ફટાકડા ફોડવા માટે ૨ કલાકની મર્યાદા લાદી; મોટા અવાજે ફટાકડા ફોડવા પર પ્રતિબંધ

હિન્દુઓના સૌથી મોટા તહેવારોમાંનો એક દિવાળી, દેશભરમાં ખૂબ જ ઉત્સાહથી ઉજવવામાં આવે છે, જેમાં ફટાકડા અને ફટાકડા આ તહેવારોનો એક અભિન્ન ભાગ છે.

જોકે, વાયુ અને ધ્વનિ પ્રદૂષણને રોકવા માટે, ગુજરાત સરકારે આગામી દિવાળીના તહેવાર દરમિયાન ફટાકડાના ઉપયોગ, વેચાણ અને આયાત પર માર્ગદર્શિકા અને નિયંત્રણો જારી કર્યા છે.

ભારતની સુપ્રીમ કોર્ટ દ્વારા જારી કરાયેલા નિર્દેશો અનુસાર, રાત્રે 8:00 થી રાત્રે 10:00 વાગ્યા સુધી ફક્ત બે કલાક માટે ફટાકડા ફોડવાની મંજૂરી રહેશે. વધુમાં, મોટા અવાજે ફટાકડા ફોડવા પર સખત પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

સર્વોચ્ચ અદાલતના આદેશ મુજબ સંપૂર્ણ માર્ગદર્શિકા

- ફક્ત પ્રમાણિત 'ગ્રીન ફટાકડા'ને જ મંજૂરી છે - કોર્ટે ફક્ત પર્યાવરણને અનુકૂળ ગ્રીન ફટાકડાના ઉત્પાદન અને વેચાણને મંજૂરી આપી છે જે ઓછા પ્રદૂષકોનું ઉત્સર્જન કરે છે. અન્ય તમામ પ્રકારના ફટાકડાનું ઉત્પાદન અને વેચાણ સખત પ્રતિબંધિત છે.

- મોટા અવાજે અને સંયુક્ત ફટાકડા વગાડવા પર પ્રતિબંધ - ઉચ્ચ ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા અને ભારે હવા અને ઘન કચરો ઉત્પન્ન કરતા ફટાકડા - જેમ કે સંયુક્ત ફટાકડા, શ્રેણીબદ્ધ ફટાકડા અને 'લેડી' ફટાકડા - પર પ્રતિબંધ છે.



- ફક્ત લાઇસન્સ પ્રાપ્ત વેપારીઓ દ્વારા જ વેચાણ - ફટાકડા ફક્ત લાઇસન્સ પ્રાપ્ત વિક્રેતાઓ દ્વારા જ વેચી શકાય છે, અને ફક્ત સુપ્રીમ કોર્ટ દ્વારા મંજૂર કરાયેલા પ્રકારના ફટાકડા જ વેચી શકાય છે.

- ઓનલાઈન વેચાણ પર પ્રતિબંધ - બધા ઈ-કોમર્સ પ્લેટફોર્મ પર ઓનલાઈન ફટાકડા વેચવાની સખત મનાઈ છે.

- બેરિયમના ઉપયોગ પર પ્રતિબંધ - ફટાકડાના ઉત્પાદનમાં બેરિયમનો ઉપયોગ પ્રતિબંધિત છે.

- ફટાકડા ફોડવા માટે સમય મર્યાદાઓ - દિવાળી અને અન્ય તહેવારો દરમિયાન, ફટાકડા ફક્ત રાત્રે 8:00 થી 10:00 વાગ્યા સુધી જ ફોડી શકાય છે. નાતાલ અને નવા વર્ષની ઉજવણી માટે, માન્ય સમય રાત્રે 11:55 થી 12:30 વાગ્યા સુધીનો છે.

ગુજરાત સરકારના ગૃહ વિભાગના 3 નવેમ્બર, 2018ના પરિપત્ર મુજબ, જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ કમિશનરોએ આ નિર્દેશોનો અમલ કરવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ 163 હેઠળ જરૂરી પ્રતિબંધાત્મક આદેશો જારી કરવા જરૂરી છે.

વધુમાં, 9 નવેમ્બર, 2020ના રોજ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલના આદેશ અનુસાર , ફક્ત ઓછા ઉત્સર્જનવાળા ગ્રીન ફટાકડા ફોડવાની મંજૂરી છે, અને વાયુ પ્રદૂષણને રોકવા માટે સાવચેતીનાં પગલાં લેવા જોઈએ.

TIMES OF CERAMIC®
COMING UP NEXT...
INTERNATIONAL DIRECTORY
WWW.TIMESOFCERAMIC.COM , WWW.CERAMICTODAY.IN
CERAMIC TODAY®
MAYUR K. BUDHABHATTI ( OWNER & EDITOR ) TIMES OF CERAMIC , CERAMIC TODAY & LOK JWALA NEWS = +91 96019 77755

# કાળી ચૌદશે પાણી-અનાજનો બગાડ અટકાવવા જાથાની સરકારને રજુઆત

## કાળી ચૌદશની અંધમાન્યતા સામે તા. ૧૫ મી ઓક્ટોબરથી રાજયવ્યાપી જાગૃતિ પત્રિકારનું વિતરણ થશે

જુવો (પાનું-૨)


॥ सर्वे सन्तु निरामयः ॥
યથાર્થ
આયુર્વેદ ક્લિનિક & પંચકર્મ સેન્ટર
yatharth
Dr. Palak Dangi (Kansara)
M.D. (Ayu.- Panchakarma)
Appointment No. +91-91736 81936
વમન, વિરેચન, રક્તમોક્ષણ, નસ્ય, બસ્તિ, શિરોધારા
દર મહિને પુષ્ય નક્ષત્રના દિવસ પર ફ્રી સુવર્ણ પ્રાશન કેમ્પ
S-31, બીજો માળ, BJP કાર્યાલય ઉપર, કેપિટલ માર્કેટ, રવાપર રોડ, મોરબી.

OUR SPECIALITY
પાચન તંત્રના રોગો: અપચો, ગેસ, એસીડીટી, જૂની કબજિયાત, IBS, GERD, વગેરે.
સાંધાના રોગો: સંધિવા, ગઠિયો વા, સાયટીકા, કમર - ઢીંચણ-ગરદનનો દુઃખાવો, સાંધાનો દુઃખાવો-ઘસારો, વગેરે.
ખરાબ જીવનશૈલીના કારણે થતા રોગો: ડાયાબિટીસ, થાઇરોઇડ (Hypothyroidism), સ્થૂળતા (Obesity), કોલેસ્ટ્રોલ, વગેરે.
ચામડી તથા વાળના રોગો: એલર્જી, ખીલ, ધાધર, ખરજવું, શીળસ, સોરિયાસીસ, વાળ ખરવા, વગેરે.
શ્વસનતંત્રના રોગો: જૂની શરદી, અસ્થમા, એલર્જી, વગેરે.
સ્ત્રી રોગ: અનિયમિત માસિકની સમસ્યા, વંધ્યત્વ, PCOD, સફેદ પાણીની સમસ્યા, વગેરે.
અન્ય: પથરી, કિડની અને લિવરના રોગો.
ONLY M.D. PANCHAKARMA CONSULTANT IN MORBI



Diwali Festive SALE
100% ORIGINAL | NEW COLLECTION | BIGGEST DISCOUNT | PREMIUM BRAND
સેલમાંથી કોઈપણ પીસ ડુપ્લીકેટ કે ફર્સ્ટ કોપી સાબિત કરી આપે તો Rs.10000નું ઇનામ
લેડીઝ: ટોપ, લેગિન્સ, કુર્તી સેટ, કુર્તી, ડ્રેસ 6XL સુધી મળશે
લેડીઝ કુર્તી, યોગા ટ્રેક, પ્લાઝો, ફૂલ ડ્રેસ નાઇટ સૂટ - રૂ. 499 થી શરુ
શૂટ - 3 પીસ શૂટ, કોટી શૂટ, બ્લેઝર, મોદી જેકેટ, જોધપુરી, કુર્તા પાયજામા, શેરવાની
લેડીઝ જીન્સ સાઇઝ 25 થી 40 રૂ. 599 થી શરુ
વન પીસ ચોલી સૂટ રૂ. 1499 થી શરુ
શર્ટ, ટીશર્ટ, જીન્સ, ટ્રેક, વેસ્ટ કોટ, કેપરી, શોર્ટ્સ, ટ્રાઉઝર, જોગર્સ
PUMA, LINEN CLUB, ARROW, U.S. POLO ASSN., parx, INDIAN TERRAIN, FLYING MACHINE, CARLO MONTE, MARVEL, Raymond, C.nC, Manyavar
BRANDED SHOES 30% TO 80%
PUMA, NIKE, SKECHERS, adidas, Lee Cooper
શિવ હોલ
સ્કાય મોલની સામે, વિનાયક હોન્ડાની બાજુમાં, શનાળા રોડ, મોરબી.
10AM to 10PM | FREE PARKING + ENTRY | CARD ACCEPTED | 88 88 38 48 58



M. 94286 53073 - 94297 83195 Since 1996
PARADISE
પેરેડાઇઝ
વેડીંગ સાડી, પ્યોર સીલ્ક, પેઠણી, પટોડા, ઘરચોળા, ડિઝાઈનર તેમજ કેટલોક પ્રિન્ટેડ સાડીઓ, ડ્રેસ મટીરીયલ્સ, વનપીસ, કોપટોપ, ડિઝાઈનર કૃર્તી, પ્લાઝો તેમજ વેસ્ટર્ન લુક વેરાયટીઓ મળશે.
જુના અને જાણીતા "પેરેડાઇઝ" સાડી જે ગઢની રાંગમાં હતી તે હવે રવાપર રોડ બાપાસીતારામ ચોકમાં
વ્યાજબી ભાવ તેમજ અધતન નવા કલેક્શન સાથે આપની સેવામાં
સાધના કોમ્પ્લેક્ષ, પહેલા માળે, દુકાન નં. ૫/ક, બાપા સીતારામ ચોકની પાસે, રવાપર રોડ, મોરબી.



Since 2014
Pragati Sales & Service
આપના ઘર, ઓફિસ, સીરામીકમાં રહેલ RO ને અપગ્રેડ કરાવો
દિવાળી એક્સચેન્જ ઓફર સાથે મેળવો આકર્ષક ગિફ્ટ
શું આપ જાણો છો ? માટી, ક્ષારથી શરીરને થતા ગંભીર રોગોનું મુખ્ય કારણ "પાણી" છે.
10 થી 10,000 લીટર સુધીના ડોમેસ્ટિક અને ઇન્ડસ્ટ્રીયલ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ સેન્ડ ફિલ્ટર, સોફ્ટનર પ્લાન્ટ અને RO સેલ્સ એન્ડ સર્વિસ માટે એકમાત્ર વિશ્વાસપાત્ર સ્થળ
નવા RO પર મેળવો ફ્રી સર્વિસ સાથે એક વર્ષની ફુલ ગેરંટી. તેમજ સ્યોર ગિફ્ટ તો ખરી જ.
Harsh Rajgor M.: 97264 16868, 97267 16868
Shivalik plaza, Shop No.2, near Vinayak Honda, trajpar Main Road Morbi-2



Reach 47K+ People Instantly with Your Ad on Divyakranti News
Promote Your Business, Event, or Offers to 197+ Active WhatsApp Groups
Targeted Local Audience in Morbi
High Engagement & Instant Reach
Affordable & Effective Advertising
DM us now to grow your business!
Book Your Ad Today!
Call/WhatsApp +91-97231 62036
દિવ્યક્રાંતિ NEWS
DIVYAKRANTI NEWS: The Most Trusted News Source in Morbi!




અક્ષર કાર સીટ કવર મેન્યુફેક્ચર
• લેધર સીટ કવર
• કાપડના સીટ કવર
• દરવાજાની કાંચની જાળી
• સ્ટેરીંગ કવર સિલાયફિટિંગ
• ફેબ્રિક સીટ કવર
• લેધર ફ્લોર મીટીંગ
• 3D/ 5D/ 7D મેટિંગ
• સ્ટેરીંગ કવર
• ગ્રાસ મીટીંગ
• બોડી કવર
• મ્યુઝિક સીસ્ટમ
• ઇન્ટિરિયર ઓલ એસેસરીઝ
ફ્રી-> સીટ કવર તેમજ મેટીંગ સાથે સ્ટેરીંગ કવર તેમજ ડોર ગાર્ડ
ચિરાગભાઈ Mo.87585 61140, 70439 51111
B.R.C. ભવનની સામે એસ.આર. પેટ્રોલિયમ અને R.R. મોલની બાજુમાં મોરબી-2



દિવ્યક્રાંતિ
અહીં આપેલ QR કોડ સ્કેન કરો અને ઇન્સ્ટાગ્રામ પર પેજ ફોલો કરો.
@divyakrantinews

દિવ્યક્રાંતિ
ફેસબુક પર ન્યુઝ અપડેટ્સ અને ઇ-પેપર મેળવવા ફેસબુક પર સર્ચ કરો
divyakrantinews
અને પેજ લાઇક કરો..
/divyakrantinews /divyakrantinews

દિવ્યક્રાંતિ
મોબાઇલ પર ન્યુઝ અપડેટ અને ઇ-પેપર મેળવવા માટે આપનું નામ અને શહેરનું નામ લખી નંબર 9723162036 પર વોટસએપ કરો.
વોટસએપ ગ્રુપમાં જોડાવવા માટે આ કોડ સ્કેન કરો


દિવ્યક્રાંતિ NEWS
WEDDING SPECIAL
Special
15 Publishing on Nov-2025
CONTACT FOR MORE DETAIL: +91 97231 62036
whatsapp 'Add Tariff' on 9723162036 to get Ad Tariff



TIMES OF CERAMIC®
COMING UP NEXT...
INTERNATIONAL DIRECTORY
WWW.TIMESOFCERAMIC.COM , WWW.CERAMICTODAY.IN
CERAMIC TODAY®
MAYUR K. BUDHABHATTI ( OWNER & EDITOR ) TIMES OF CERAMIC , CERAMIC TODAY & LOK JWALA NEWS = +91 96019 77755